# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, આ.કૃ.યુ., ગોધરા ખાતે મોડેલ સ્કૂલ, હાલોલ, જી. પંચમહાલના વિધ્યાર્થીઓની મુલાકાત

મોડેલ સ્કૂલ, હાલોલ, જી. પંચમહાલ ખાતેના ધો. ૬ થી ૮ના કુલ ૮૨ વિધ્યાર્થીઓ તેમજ ૬ શિક્ષકો દ્વારા કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરાની તા. ૨૨/૦૩/૨૦૨૪ ને શુક્રવારના રોજ મુલાકાત લેવામાં આવેલ. સદર મુલાકાત અત્રેની કોલજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને અત્રેની કોલેજના સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ, ઈરીગેશન અને ડ્રેનેજ એન્જીનિયરીંગ વિભાગ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનિયરીંગ વિભાગ, રીન્યુએબલ એનર્જી એન્જીનિયરીંગ વિભાગ, ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જીનિયરીંગ વિભાગ અને બેસિક એન્જીનિયરીંગ એન્ડ એપ્લાયીડ સાયન્સીસ વિભાગની મુલાકાત લીધેલ. જેમાં વિભાગની વિવિધ લેબોરેટરી, ફિલ્ડ લેબોરેટરી, સોઈલ કન્ઝર્વેશન મોડલ/સ્ટ્રકચર, ડ્રીપ ઈરીગેશન, ફૂડ પ્રોસેસિંગને લગતી અદ્યતન મશીનરી/સાધનો, ગ્રીન હાઉસ/નેટ હાઉસ, ઈમ્પ્લીમેન્ટ શેડ, વર્કશોપ વગેરે તેમજ વિભાગની વિવિધ કામગીરી અને સુવિધાઓની માહિતી આપવામાં આવેલ. તદ્ઉપરાંત વિદ્યાર્થીઓને કોલેજની પ્રવેશ પધ્ધતિ, કોલેજમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમ વિષે માહિતગાર કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન અત્રેની કોલેજના તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ જે તે વિભાગના અધિકારી/કર્મચારીઓએ વિદ્યાર્થીઓની કોલેજની મુલાકાત માટે સરાહનીય યોગદાન આપેલ. સદર મુલાકાતનું સંચાલન ઈજ. સુર્યપ્રકાશ સુર્યવંશી, સિનિયર રીસર્ચ આસિસ્ટન્ટ, આઈ.ડી.ઈ. વિભાગ અને ડો. એમ. કે. તિવારી, મદદનીશ પ્રાદ્યાપક અને વિભાગીય વડા, સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.
















મોડલ સ્કૂલ
હાલોલ